For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# 11 ડિગ્રી તાપમાનમાં વલસાડ થીજી ગયું

**પારો** ચાર ડિગ્રી ગગડીને 11.5 નોંધાયો, ત્રણ દિવસમાં 10.1 ડિગ્રીનો ઘટાડો

નવસારી-વલસાડઃ વલસાડમાં એક સપ્તાહ પહેલાં ઠંડીના ચમકારા બાદ ગત સપ્તાહે ઠંડી ગાયબ થઇ ગઇ હતી અને ગરમીની અનુભૂતિ થઇ હતી. ત્યારબાદ હવે રવિવારથી ફરીથી ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો. રવિવારે સાંજ થતાં જ વાતાવરણમાં ગુલાબી ઠંડીની અનુભૂતિ થઇ હતી. જ્યારે રાત પડતાની સાથે જ ઠંડી વધતી ગઇ હતી. વલસાડમાં રવિવારે મહત્તમ તાપમાન 30 ડિગ્રી થયું હતુ. જોકે, તેની અનુભૂતિ 24 ડિગ્રી જેવી હતી. બપોર દરમિયાન પણ ઠંડા પવનો ચાલ્યા હતા અને ઠંડી અનુભવાતી હતી. જ્યારે મોબાઇલ વેધર

અનુસંધાન પાના ૫ પર

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વધુ ઠંડીની આગાહી

## પાંચ દિવસમાં મહત્તમ તાપમાન ૪.૪ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૭.૨ ડિગ્રી ગગડ્યું

**સુરતમાં** સીઝનનો સૌથી ઠંડો દિવસ અને રાત નોંધાયા, રાતનું તાપમાન ૧૫.૮ ડિગ્રી

**સુરતમાં** સીઝનની ઠંડી જોરમાં: આગામી દિવસોમાં હવામાન વધુ ઠંડુ બનશે

શહેરમાં ઠંડીનું જોર વધતા હવે શિયાળો ધીમે ધીમે જામી રહ્યો છે. છેલ્લા પાંચ દિવસથી તાપમાનમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે, જેમાં આજે સીઝનનો સૌથી ઠંડો દિવસ અને રાત રહી હતી. મહત્તમ તાપમાન 29.6 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 15.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઉત્તર તરફથી ફૂંકાતા પવનના કારણે તાપમાન સતત ઘટી રહ્યું છે. છેલ્લા પાંચ દિવસના આંકડાઓ જોવામાં આવે તો મહત્તમ તાપમાનમાં 4.4 ડિગ્રી અને લઘુત્તમ તાપમાનમાં 7.2 ડિગ્રીનો નોંધપાત્ર ઘટાડો થયો છે. આજે સવારે 6 કિમીની ઝડપે ફૂંકાતા ઉત્તરના પવન ઠંડકમાં વધારો કરવાના મુખ્ય કારણ બન્યા છે. ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સથી ભારે બરફવર્ષા થઈ રહી છે, જેના પ્રભાવથી દક્ષિણ ગુજરાતમાં તીવ્ર ઠંડીની અસર દેખાશે. હવામાન

અનુસંધાન પાના ૫ પર

### છેલ્લા પાંચ દિવસમાં ઘટતુ તાપમાન

| તારીખ | મહત્તમ | લઘુત્તમ |
| --- | --- | --- |
| ૪ | ૩૪.૦ | ૨૩.૧ |
| ૫ | ૩૩.૯ | ૨૩.૦ |
| ૬ | ૩૩.૨ | ૨૧.૦ |
| ૭ | ૩૦.૨ | ૧૮.૫ |
| ૮ | ૨૯.૬ | ૧૫.૮ |

## 48 કલાકમાં ભારે ઠંડીની ચેતવણી

ગાંધીનગર : ઉત્તર - પૂર્વીય અને પૂર્વીય પવનની દિશાના કારણે ઠંડી વધી જવા પામી છે. કચ્છનું નલિયા રવિવારે 11 ડિગ્રી ઠંડીમાં ઠંડુગાર બની જવા પામ્યુ હતું. હવામાન વિભાગ દ્વારા હજુયે આગામી 48 કલાકની અંદર રાજ્યમાં ઠંડીનો પારો 2થી3 ડિગ્રી સુધી નીચે ગગડી જવાની ચેતવણી ઈશ્યુ કરી દેવાઈ છે. ખાસ કરીને રાજયમાં 48 કલાકમાં ઠંડી હજુયે વધવાની છે. દક્ષિણ ગુજરાતમાં ઠંડીના પ્રમાણમાં શનિવારે રાત્રે વધારો થયો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અમદાવાદમાં 13 ડિ.સે., ડીસામાં 12 ડિ.સે., ગાંધીનગરમાં 14 ડિ.સે.,વલ્લભ વિદ્યાનગરમાં 15 ડિ.સે., વડોદરામાં 15 ડિ.સે. ,સુરતમાં 16 ડિ.સે.,ભૂજમાં 16 ડિ.સે., નલિયામાં 11 ડિ.સે., કંડલા પોર્ટ પર 18 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 15 ડિ.સે., ભાવનગરમાં 17 ડિ.સે., રાજકોટમાં 15 ડિ.સે.,સુરેન્દ્રનગરમાં 17 ડિ.સે., મહુવામાં 15 ડિ.સે., અને કેશોદમાં 15 ડિ.સે., લઘુત્તમ તાપમાન નોંધાવવા પામ્યુ હતું.

### ઠંડીના ચમકારાએ ફરી તાપણું સળગાવ્યું




(તસવીર : સતીષ જાદવ)

સુરતમાં દિવોસ બાદ ફરી ઠંડીએ દસ્તક કરી હતી. રવિવારે સાંજ બાદ ગુલાબી ઠંડીનો ચમકારો થતાં સુરતીઓ ઠંડા પવનમાં ધ્રુજ્યા હતા, જ્યારે તેનાથી રક્ષણ મેળવવા બાળકોએ તાપણાંનું શરણું લીધું હતું.

# ચક્કર આવતા રોરો ફેરીમાંથી વેપારી દરિયામાં પડી ગયો

**હજીરાથી** 12 નોટિકલ માઇલ દૂર બનેલી ઘટના ક્રુ મેમ્બર્સે મધ્યપ્રદેશના કાપડ વેપારીને બચાવી લીધો



સુરતઃ સુરતઃ હજીરા ખાતે રોરો ફેરીમાંથી દરિયામાં ખાબકેલા કાપડના વેપારીને ક્રૂ મેમ્બરોએ ઉગારી લીધો હતો. બનાવ અંગે હજીરા પોલીસને જાણ કરતાં પોલીસે આગળની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મધ્ય પ્રદેશમાં રહેતા કાપડના વેપારી 32 વર્ષીય અતુલકુમાર માણેકલાલ ચોક્સી ભાવનગર ખાતે કાપડની ખરીદી કરવા ગયા હતા. બાદમાં આજે સવારે ઘોઘાથી રોરો ફેરીમાં સુરત આવતા હતા, તે દરમિયાન હજીરાથી 12 નોટિકલ માઇલ દૂર વેપારી અતુલકુમાર રોરો ફેરીમાંથી દરિયામાં ખાબક્યા હતા. આ દરમિયાન રોરો ફેરીના અન્ય પેસેન્જરોએ ક્રૂ-મેમ્બરોને જાણ કરતાં તેઓએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી અને વેપારી અતુલ કુમારને ઉગારી લીધા હતા. વેપારીને ચક્કર આવતા પડી ગયા હોવાનું હાલ સામે આવ્યું છે. આ બનાવ અંગે હજીરા પોલીસને જાણ કરતાં પોલીસે આગળની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

# મેટ્રોની મોકાણ: ટાવર પાસે નવો રોડ લેવલથી ઊંચો બનાવાતા 30 દિવસમાં 30 અકસ્માત

**122** દુકાનદારો પાસે શટર ઊંચું અને નીચું કરવા સિવાય કોઇ કામ બચ્યું નથી



સુરતઃ સુરત શહેરનાં દરેક વિસ્તારોમાં મેટ્રો રેલની કામગીરી ચાલે તો છે પણ તેની ગોકળગાય જેવી ગતિને કારણે રાજમાર્ગના વેપારીઓની હાલત અત્યંત કફોડી બની ગઈ છે. આખા પ્રોજેક્ટની કામગીરી નબળી હોવાને કારણે વેપારીઓની આ વર્ષની દિવાળી બગડી હતી. ગ્રાહકોના અભાવે તેમની પાસે સવારે દુકાનનું શટર ઊંચુ કરવાનું અને રાત્રે નીચે કરવા સિવાય કોઇ જ કામ બચ્યું નથી. બીજી તરફ અહીં ફૂટ ઓવર બ્રિજ બનાવાયો છે પરંતુ તે સાત જ ફૂટનો હોવાથી કોઇ કામનો નથી તેમજ રોડનું લેવલ પણ દુકાનો કરતાં ઊંચુ બનાવી દેવાતા એક મહિનામાં અનેક અકસ્માત સર્જાયા છે. દુકાનદારોએ આ સમસ્યા માટે પાલિકા, પોલીસ, કલેકટર, ધારાસભ્યથી માંડીને ગાંધીનગર સુધી રજૂઆતો કરી છે પરંતુ સમસ્યાનો હલ થતી ન હોવાથી વેપારીઓમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ ટાવર રોડના 122 દુકાનદારો મેટ્રોના કારણે ગ્રાહક વિહોણા થયા છે.

શહેરના રાજમાર્ગ ઉપરનો એક સમય હતો જ્યા ગ્રાહકોનો સતત ફ્લો રહેતો હોવાથી વેપારીઓ પાસે પુરતા પ્રમાણમાં કામ રહેતુ હતુ. વેપારીઓએ ધંધા અને રોજગારીમાંથી

અનુસંધાન પાના ૫ પર

સુરતનાં હીરા ઉદ્યોગ માટે એક સાંધે ત્યાં તેર તૂટે જેવી સ્થિતિ

# જાન્યુઆરીથી તમામ રશિયન હીરા પર G7 અને યુરોપિયન યુનિયનના દેશોમાં પ્રતિબંધ

**G7** અને યુરોપિયન યુનિયનના દેશોએ ભારતને એક કેરેટથી નાના તૈયાર રશિયન હીરાનાં નિકાલની તક આપી હતી, એ સમય મર્યાદા પૂરી થઇ

## ભારતીય જેમ્સ એન્ડ જ્વેલરીની નિકાસને અસર નહીં થાય: GJEPC

કાઉન્સિલના ચેરમેન વિપુલ શાહે જણાવ્યું હતું કે G7 પ્રતિબંધથી ભારતીય જેમ્સ અને જ્વેલરીના વેપારની નિકાસને અસર થશે નહીં ."અમારી પાસે પ્રતિબંધોના અમલીકરણ માટે જાહેર કરાયેલ સમયરેખા પર સૂચનો છે. અમારા ઉદ્યોગની વિવિધતાને ઓળખીને, અમે માનીએ છીએ કે આ સમયરેખામાં વધુ સુગમતા હોવી જોઈએ. નિકાસકારોની સંસ્થા G7 દ્વારા આયાત પ્રતિબંધ અંગે સ્પષ્ટતા ઇચ્છે છે,

સુરતઃ G7 દેશોએ ભારતના હીરા ઉદ્યોગને 1 સપ્ટેમ્બર 2024 સુધી એક કેરેટથી નાના રશિયન તૈયાર હીરાનાં નિકાલની તક આપી હોવાનું જાણવા મળ્યું છે. હીરા ઉદ્યોગનાં સૂત્રોના જણાવ્યા મુજબ 1 કેરેટ કે તેથી મોટા હીરા એક્સપોર્ટ કરવા પર માર્ચથી પ્રતિબંધ લાગુ પડશે, એવી જ રીતે 1 સપ્ટેમ્બરથી 0.5 કરેટથી મોટી સાઈઝના હીરા પર પ્રતિબંધ મુકાશે.

બેલ્જિયમનું ડાયમંડ ટ્રેડીંગ હબ એન્ટવર્પ રશિયા સામે નવા પ્રતિબંધો માટે તૈયાર છે. મહિનાઓની ચર્ચા પછી, G7 અને EU દેશો વચ્ચે સંમત થયેલા નવા પગલાં 1 જાન્યુઆરીથી પ્રતિબંધનો અમલ શરૂ કરશે. એન્ટવર્પ, બેલ્જિયમમાં પશ્ચિમી બજારો માટે નિર્ધારિત હીરા માટે પ્રવેશનું મુખ્ય કેન્દ્ર માનવામાં આવે છે. પ્રતિબંધો લાદતા દેશોમાં વેચવામાં આવનાર દરેક હીરાને પ્રમાણિત કરવા માટે પહેલા બેલ્જિયમના એન્ટવર્પની મુસાફરી કરવી પડશે.

"એન્ટવર્પ હંમેશા હીરા માટેનું સૌથી મહત્વપૂર્ણ ટ્રેડિંગ હબ રહ્યું છે. G7 અને EU બંનેનું બોર્ડમાં હોવું, જે વૈશ્વિક સ્તરે લગભગ 70% હીરા ખરીદે છે, 2021માં રશિયાની માઈનિંગ કંપની અલરોસાએ લગભગ 4 બિલિયન યુએસ.ડોલર મૂલ્યના હીરાની નિકાસ કરી હતી. રશિયા વૈશ્વિક સ્તરે સૌથી મોટો નિકાસકાર છે, કુલ ઉત્પાદનના 30% હીરાની એ ભારતમા નિકાસ કરે છે. એન્ટવર્પ યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ બિઝનેસ એન્ડ ઈકોનોમિક્સના કોએન વેન્ડેનબેમ્પના જણાવ્યા અનુસાર હીરાનું ટ્રેકિંગ કરવું સરળ નથી. "આ એક બ્લોકચેન સિસ્ટમ હશે, જ્યાં હીરાના રૂપાંતરણને સંપૂર્ણ રીતે રેકોર્ડ કરવામાં આવે છે અને તમે મૂળભૂત રીતે હીરા સાથે શું થઈ રહ્યું છે તે ટ્રેક કરી શકો છો," પ્રતિબંધો લાદતા દેશોમાં વેચવામાં આવનાર દરેક હીરાને પ્રમાણિત કરવા માટે

અનુસંધાન પાના ૫ પર

## અડાજણ રાજહંસ સિનેમા પાસે બેંક કર્મચારીનો અછોડો તૂટ્યો

સુરત: અડાજણ રાજહંસ સિનેમા પાસે રાત્રે વોક પર નીકળેલા બેંકના કર્મચારીના ગળામાં થી રૂ.75 હજારની કિંમતનો અછોડો તોડી બાઇક પર આવેલા એક સ્નેચર ફરાર થયાનો બનાવ બન્યો હતો.

બનાવની પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ અડાજણ રાજહંસ સિનેમા પાસે આવેલા રાજહંસ વ્યુમાં રહેતા 29 વર્ષીય સ્મિત હરીશભાઇ શાહ ઘોડદોડ રોડ ઉપર આવેલી કોટક મહિન્દ્રા બેંકમાં નોકરી કરે છે. ગત તા.18-11-24ના રોજ રાત્રિના સમયે વોક માટે નીકળ્યા હતા. સ્મિત ચાલતા ચાલતા રાજહંસ સિનેમા પાસેથી પસાર થતો હતો ત્યારે પાછળથી બાઇક પર આવેલા એક સ્નેચર તેમણે ગળામાં પહેરેલી 75 હજારની કિંમતની સોનાની ચેઇન તોડી ભાગી છૂટ્યો હતો. આ મામલે સ્મિતે અડાજણ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથધરી છે. ક્રાઇમબ્રાન્ચે સ્નેચર ની અટક કરી હોવાની માહિતી મળી રહી છે.

ડુમસમાં 6 જણાંને અડફેટે લેનારા

# કારચાલક હર્ષ સામે પોલીસે 12 દિવસે ગુનો નોંધ્યો

**27** નવેમ્બરે પીઠાવાલા કોલેજ પાસે રસ્તાની બાજુએ ઉભેલી લારીને ટક્કર માર્યા બાદથી કારચાલક હજુ ફરાર

સુરતઃ ડુમસ વિસ્તારમાં બેફામ બનેલા કારચાલકે ચાની લારીમાં કાર ઘુસાડી દીધી હતી, જેમાં 6 લોકો ઘવાયા હતા. આ મામલે પોલીસે આજે ચાલક વિરૂદ્ધ ૧૨ દિવસ બાદ ગુનો નોંધ્યો હતો.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ ડુમસ રોડ પીઠાવાલા કોલેજ પાસે નવી બની રહેલી અલ્ટેરીયલ બિલ્ડિંગમાં ગોવિંદ મુનિલાલ પાસવાન મજૂરી કરામ કરી છે અને ત્યાં ઝુપડું બનાવીને રહે છે, ઉપરાંત રામચંદ્ર મંડલ ચા-નાસ્તાની લારી ચલાવે છે. ગઇ 27-11-204ના રોજ સાંજે દિનેશભાઇ અને તેમની પત્ની ગાયત્રીદેવી સાથે પોતાની લારી પર હતા અને લારીની બાજુમાં ગોવિંદની પત્ની શશીપ્રભા તેમના પુત્ર શિવરાજ અને શિવાંશ સાથે બેઠા હતા. ત્યારે અચાનક પુરઝડપે કાર આવી હતી અને લારીને ઉડાવી દઇ દિનેશભાઇ, તેમની પત્ની ગાયત્રીબેન અને શશીપ્રભા તેમજ તેના બંને દિકરાને અડફેટમાં લીધા હતી.

અકસ્માત સર્જી હર્ષ નામનો કારચાલક ભાગી છુટ્યો હતો. તમામને ગંભીર ઇજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ મામલે ડુમસ પોલીસે ૧૨ દિવસ બાદ હર્ષ નામના કારચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## હદ થાય છે, ડુમસ પોલીસને છ જણાને ઉડાડનાર નબીરો બાર દિવસથી મળતો નથી

**પોલીસ** કહે છે અમને નામ મળ્યુ છે, વધારે વિગત નથી

સુરત : સુરત પોલીસ ધારેતો ગણતરીના કલાકોમા ધારે તેને શોધી શકે છે. પરંતુ કેટલાક કેસમાં પોલીસનુ વલણ એટલું ખરાબ હોય છે કે માલેતુજારો માટે અને સામાન્ય માણસો માટે ન્યાયના કાટલા અલગ અલગ હોય છે. એટલેકે એક તરફ શહેરમા બોગસ તબીબોનુ રેકેટ પોલીસ શોધીને જબરદસ્ત કામગીરી કરી રહી છે. બીજી બાજુ બાર દિવસ પહેલા છ લોકોને ઉડાડી દેનાર એવા હેરીયર લકઝૂરીયસ કાર ચલાવનાર નબીરો પોલીસને મળી રહ્યો નથી. બાર દિવસ બાદ પોલીસને માત્ર હર્ષ નામ મળ્યું છે. ડુમસ પોલીસને બાર દિવસથી આ ગંભીર ગુનામા આરોપીને શોધવા કોઇ તસદી લીધી નથી. હાલમા આરટીઓ પાસે વિગત માંગી હોવાનુ પોલીસ જણાવી રહી છે વાસ્તવમા પરિસ્થિતી આ આખા કેસમા શંકાસ્પદ છે.

કેમકે બાર દિવસ સુધી પોલીસને છ લોકોને ઉડાડી દેનાર આરોપીનુ નામજ મળ્યુ છે તો પછી અધુ નામ આપીને પોલીસ કોઇને છાવરી રહી છે કે બાર દિવસ સુધી પોલીસને આરોપી મળી રહ્યો નથી તે વાત આપણે સાચી માની લેવી .

# આઠ બોગસ ડોક્ટર ફરિયાદ નોંધાવવા પોલીસ સ્ટેશન દોડી ગયા

**1992થી** લઈને નવેમ્બર 2024 સુધીનો ડેટા મળ્યો

**એક** ચોપડામાં વધુ 1400 લોકોને ડિગ્રી આપી હોવાનો ડેટા મળ્યો

સુરત : રશેષ ગુજરાથી આણી મંડળીએ અત્યાર સુધી 70 હજાર ખંખેરી હજારો લોકોને નકલી ડિગ્રી આપી હતી. પાંડેસરા પોલીસે રશેષ ગુજરાતી, બી.કે.રાવત અને ઈરફાન સૈયદના રિમાન્ડ મેળવી પૂછપરછ આદરી છે. બીજી તરફ રશેષ ગુજરાતી આણી મંડળી સામે નકલી ડોક્ટરો ફરિયાદ કરવા માટે પાંડેસરા પોલીસ સ્ટેશન પહોંચી રહ્યા છે. અત્યાર સુધીમાં આઠ જેટલા નકલી ડોક્ટરો પાંડેસરા પોલીસ સ્ટેશન પહોંચી ગયા હતા અને તેઓએ જણાવ્યું કે, રશેષ ગુજરાતીએ અમને પણ નકલી ડિગ્રી આપી છે. જેથી, આ મામલે પાંડેસરા પોલીસ દ્વારા આ તમામ લોકોની ફરિયાદ લેવાની તજવીજ હાથ કરવામાં આવી છે.

વધુમાં મળતી માહિતી પ્રમાણે સુરતમાં આવેલી ક્લિનિક અને અમદાવાદમાં બી.કે.રાવતની ઓફિસ સહિતની જગ્યાઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા. તેમાં પોલીસને ઓનલાઈન 1200થી વધુ અને એક ચોપડામાં 1400 વધુ નામ મળી આવ્યા છે. જે લોકોને ડિગ્રી આપવામાં આવી હતી તેમના નામ ઓનલાઇન અને એક ચોપડામાં લખવામાં આવતા હતા. આ ઓનલાઇન અને ચોપડા એમ બંને મળીને આ ડેટા 1992થી લઈને નવેમ્બર 2024 સુધીનો છે. હાલ તો પોલીસ દ્વારા આ બંને નામોમાં કેટલા સરખા છે અને અલગ કેટલાક નીકળ્યા આવે છે તેની તપાસ કરી રહ્યા છે. પોલીસ પાસે અત્યાર સુધીમાં જે નામો આવ્યા છે તેનું પણ વર્ગીકરણ કરવામાં આવી રહ્યું છે. સૌથી પહેલા સુરતના કેટલા નામ છે અને તે કયા વિસ્તારના છે તે અંગે તપાસ કરવામાં આવી રહી છે. આ સાથે જ ગુજરાતના અન્ય સીટી અને જિલ્લાઓના કેટલા નામ છે તે અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે. 2600થી વધુ નામ છે તેમાં કેટલાક ટૂંકા પણ નામ છે, જે અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે. આ સાથે જ જેટલા લોકોને બોગસ ડિગ્રી અપાય છે તેમને શોધવાની કવાયત પણ ચાલી રહી છે.


લેઉઆ પાટીદાર અવસાન



દિલગીરી સાથે જણાવવાનું કે મારા ધર્મપત્નિ / ભાભીશ્રી / માતૃશ્રી અ.સૌ.દમયંતીબેન ભગુભાઈ પટેલનું તા.૦૮/૧૨/૨૦૨૪ ને રવિવાર ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્‌ગતનાં દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સંયુક્ત પ્રાર્થનાસભા
તા.૧૨/૧૨/૨૦૨૪ ને ગુરૂવારે બપોરે ૩.૦૦ કલાકે લેઉઆ પાટીદાર સમાજની વાડી, પુણાગામ મુકામે રાખેલ છે.

લૌકિક રિવાજ સદંતર બંધ છે.

સ્વ.દમયંતીબેન ભગુભાઈ પટેલ
સ્વ.તા.૦૮/૧૨/૨૦૨૪

પિયર પક્ષ
દિલીપભાઈ હરદેવભાઈ પટેલ (USA)
જયેશભાઈ બળદેવભાઈ પટેલ (USA)
વિહલ સુધીરભાઈ પટેલ (UK)
ગામ : માણેકપોર, તા. બારડોલી, ડી. સુરત.

લિ.
ભગુભાઈ હરિભાઈ પટેલ
છીતુભાઈ નાનુભાઈ પટેલ (જેઠશ્રી)
રંગીલભાઈ હરિભાઈ પટેલ (દિયરશ્રી)
નટવરભાઈ નારણભાઈ પટેલ (ભત્રીજા)
મહેશભાઈ ભગુભાઈ પટેલ (પુત્ર)
સંદિપભાઈ ભગુભાઈ પટેલ (પુત્ર)
ધ્રુવ, મીરા, દિયા

નિવાસ સ્થાન : ગરાસ ફળિયુ, પુણાગામ, સુરત.

...શ્રધ્ધાંજલિ...




સ્વ. દિલીપભાઈ મણીલાલ પટેલ
સ્વ. તા. ૦૮.૧૨.૨૦૨૧

પરીવાર જેમનું મંદિર હતું, સ્નેહ જેમની શકિત હતી,
કર્મ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભકિત હતી,
જીવનભર પરિશ્રમ કરી પરિવારને સમૃધ્ધ બનાવી સારા સંસ્કારો આપી
જીવન જીવવા શીખવી ગયા, દેહથી ભલે અદ્રશ્ય થઈ ગયો પરંતુ સ્મૃતિ હંમેશા યાદ રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા આપના પવિત્ર આત્માને શાંતિ અર્પે અને મોક્ષને માર્ગે લઈ જાય
એ જ અમારી હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

સ્વ. સુરેશભાઈ છીમુભાઈ પટેલ
ગં.સ્વ. સંગીતાબેન સુરેશભાઈ પટેલ
નવીનભાઈ છીમુભાઈ પટેલ
પરિમલ સુરેશભાઈ પટેલ
મુકેશભાઈ છીમુભાઈ પટેલ
પ્રતિક સુરેશભાઈ પટેલ
શૈલેષભાઈ છીમુભાઈ પટેલ

શ્રી સુરતી મોઢવણિક દુ:ખદ અવસાન-પાથરણું



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા દાદાશ્રી ચંપકલાલ રતિલાલ બમન તા. ૦૮/૧૨/૨૦૨૪ને રવિવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે દેવલોક પામ્યા છે.

સદ્‌ગતનું પાંથરણું
તા. ૦૯/૧૨/૨૦૨૪ને સોમવારના રોજ
સવારે ૯.૩૦ કલાકે
અમારા નિવાસસ્થાને રાખવામાં આવેલ છે.

સ્વ. ચંપકલાલ રતિલાલ બમન
સ્વ.તા. ૦૮/૧૨/૨૦૨૪

તા.ક. સાલ ચાદર પ્રથા બંધ છે.

લિ.
સ્વ. હસમુખબેન ચંપકલાલ બમન (પત્ની)
સ્વ. શશીકાંત ચંપકલાલ બમન (પુત્ર)
ગં.સ્વ. જયશ્રીબેન શશીકાંત બમન (પુત્રવધુ)
પ્રશાંત શશીકાંત બમન (પૌત્ર)
ખુશ્બુ પ્રશાંત બમન (પૌત્રવધુ)
રેશ્મા રોહન દુધવાળા (પૌત્રી)
રોહન ભરતભાઈ દુધવાળા (પૌત્રી-જમાઈ)
ગીતાબેન ઉપેન્દ્રભાઈ ગાંધી (દીકરી)
સ્વ. ઉપેન્દ્રભાઈ ઠાકોરદાસ ગાંધી (જમાઈ)
કુસુમબેન વસંતલાલ ચલીયાવાળા (દીકરી)
વસંતલાલ નાનાભાઈ ચલીયાવાળા (જમાઈ)
પુરબ પ્રશાંત બમન
તથા સમસ્ત બમન પરિવાર

નિવાસસ્થાન : ૮૦૨ સનસ્ટાર એપાર્ટમેન્ટ, ઘંટાવાળા પાનની સામે, સ્નેહસ્કુંલ વાડીની પાછળ, આનંદ મહલ રોડ, અડાજણ, સુરત.

શોકસભા / પગડી રસ્મ



સ્વ. શંકરલાલ નેભુમલ ઉત્તમચંદાની
સ્વ.તા. ૭-૧૨-૨૦૨૪

દિલગીરી સાથે જણાવવાનું કે જે જે માર્કેટ વાળા શ્રી જીવનલાલજી ના ભાઈ શ્રી શંકરલાલ નેભુમલ ઉત્તમચંદાની નું તા.૭-૧૨-૨૦૨૪ ના રોજ સ્વર્ગવાસ થયા છે. પ્રભુ સદ્‌ગતની આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

શોકસભા / પગડી રસ્મ : તા.૯-૧૨-૨૦૨૪ સોમવાર
સત્સંગ : સવારે ૧૦.૩૦ થી ૧૧.૦૦ કલાકે પગડી રસ્મ : સવારે ૧૧.૦૦ કલાકે
સ્થળ : પ્લેટીનીયમ હોલ, SIECC ખજોદ ચોકડી પાસે, સરસાણા, સુરત.

શ્રી જીવનલાલ ઉત્તમચંદાની (ભાઈ)
શ્રી સુરેશકુમાર ઉત્તમચંદાની (ભાઈ)
શ્રી મહેશકુમાર ઉત્તમચંદાની (ભાઈ)
લોકેશ શંકરલાલ (પુત્ર)
હીરેન શંકરલાલ (પુત્ર)
નીલેશ ગોપીચંદ (ભત્રીજા)
રીતેશ અર્જુનલાલ (ભત્રીજા)
તથા સમસ્ત ઉત્તમચંદાની પરિવાર